બઢતીની તકોનો અભાવ અથવા બઢતીની
મર્યાદીત તકોના પ્રશ્ન હલ કરવા માટે
અમલમાં મુકેલ ઉચ્ચતર પગાર ધોરણની
યોજના...

ગુજરાત સરકાર.
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક. : એઓપી.૧૦૯૧-૨૨ મ.
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૨-૧૧-૯૧.

વંચાણે લીધા:-

૧: સરકારી ઠરાવ નાંણા વિભાગ ક્ર.એઓપી.૧૦૯૧-૩-મ તા.૫મી જુલાઈ-૯૧
૨: સરકારી ઠરાવ નાંણા વિભાગ ક્ર.એઓપી.૧૦૯૧-
૧૧ મીઓકટોબર.૯૧.

-:: ઠ રા વ ::-

આમુખમાં ક્રમાંક.(૧) આગળ દર્શાવેલ ઠરાવ દ્વારા ૯-૧૮- ૨૭ વર્ષ તેમાં દર્શાવેલ શરતોને આધિન મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણની યોજના તા. ૧-૬-૮૭ થી અમલમાં મુકવામાં આવેલ છે.આમુખમાં ક્રમાંક.(૨) આગળ દર્શાવેલ ઠરાવ દ્વારા મુળ ઠરાવની જોગવાઈ બાબત કેટલીક સ્પષ્ટતાઓ કરવામાં આવેલી છે. તદઅનુસાર આ ઠરાવ નાં ફકરા-(૮) માં કરેલી જોગવાઈ મુજબ આ યોજના નીચે નકકી કરવામાં આવેલ પગાર બાંધણીની ચકાસણી ઓડીટ તંત્ર દ્વારા કેવી રીતે કરવામાં આવશે તે પણ સ્પષ્ટતા કરવામાં આવેલ છે.

(૨) ઉપર્યુકત ઠરાવોની જોગવાઈ મુજબ કર્મચારી ૯ વર્ષ ૧૮ વર્ષ કે ૨૭ વર્ષ પુરા કરે ત્યારે તેને ઉચ્ચતર પગાર ધોરણ આપવાનું સરકારે ઠરાવેલછે. ઉચ્ચતર પગાર ધોરણ નકકી થતાં તે પગાર ઓડીટ થયા પછી જ આકારવા દેવા કે કેમ તે પ્રશ્ન સરકારની વિચારણાં હેઠળ હતો.સરકારે સંપુર્ણ વિચારણા નાં અંતે એવું ઠરાવે છે કે ઉચ્ચતર પગાર ધોરણમાં પગાર નકકી થયા બાદ નવો પગાર જે માસમાં પગાર નકકી કરી હુકમો કરવામાં આવે તે માસથી જ શકય હોય ત્યાં તે આકારી શકશે. અને તે તો પછીના માસથી કર્મચારીનો પગાર બાંધણી મુજબનો નવો પગાર આકારી શકાશે.

આમા ઉચ્ચતર પગાર ધોરણમાં સક્ષમ અધિકારી દ્વારા નકકી થઈ આવેલ નવા પગાર ઓડીટ તંત્ર દ્વારા ચકાસણી કર્યા વગર આકારી શકાશે. પરંતુ કર્મચારી ઉચ્ચતર પગાર ધોરણ મળવાને કારણે આપવાની થતી પગારની તફાવતની રકમ ( ચુકવવા બાબત સરકાર નીચે મુજબ ઠરાવે છે.

૧/- કર્મચારીને ઉચ્ચતર પગાર ધોરણ મળવાને કારણે

ઉપર ઠરાવ્યુ છે તેમ ઉચ્ચતર પગાર ધોરણમાં કર્મચારીઓના પગાર નક્કી થતાં તે ઓડીટ તંત્ર દ્વારા ચકાસણી કરાવ્યા સિવાય ચા ારી શકાશે. પરંતુ તેને કારણે ચુ વવાની થતી પગાર ભથ્થા તફાવતની રકમ( ) ઓડીટતંત્ર દ્વારા નવા પગારની આકારણી કરાવ્યા બાદ જ તેમના સામાન્ય ભવિષ્યનિધિ હિસાબમાં જમા કરાવવાની રહેશે. ઓડીટ તંત્રને પગારબાંધણીની ચકાસણી કરવાની સરળતા રહે તે હેતુ થી આ ઠરાવ સાથે જોડેલા પત્રકમાં વિગતો ભરી સબંધિત ખાતા/કચેરીના વડાએ સદરહુ પત્રક સબંધિત ઓડીટ કચેરી સમક્ષ માટે રજુ કરવાનુ રહેશે. જો કોઈ કેસમાં આ જોગવાઈ વિરુધ્ધ તફાવતની રકમ રોકડમાં ચુકવાઈ હશે તો તેની વસુલાત કરી સબંધિત કર્મચારીના સામાન્ય હિસાબમાં જમા કરાવવાની રહેશે.

સબંધિત કર્મચારીના સામાન્ય ભવિષ્યનિધિ હિસાબમાં ઉપર મુજબ જમા કરેલ ૩૧મી માર્ચ.૧૯૯૩ સુધી કોઈપણ સંજોગોમાં ઉપાડવા દેવામાં આવશે નહીઅને

એપ્રિલ-૧૯૯૩ પછી સામાન્ય ભવિષ્યનિધિ હિસાબના નિયમોનુસાર ઉપાડના હેતુ માટે ગણતરીમાં લઈ શકાશે.

(૪) તા.૧લી જુન.૧૯૮૭ થી તા.૩૦મી સપ્ટે.૧૯૯૧માં સુધીમાં નિવૃત થનાર કર્મચારીના કિસ્સામાં પગાર ભથ્થાના તફાવતની રકમ પગારબાંધણીની ચકાસણી થયા બાદ તેને રોકડમાં ચુકવવાની રહેશે.

(૫) આમુખ (૨) માં દર્શાવેલ ઠરાવના પારા-૯ માં કરેલ જોગવાઈ આ ઠરાવની જોગવાઈના સંદર્ભમાં તે કેટલે અંશે સુધારેલી ગણાશે.

ઉચ્ચતર પગાર ધોરણની યોજના હેઠળ ચુકવવાપાત્ર રકમની ચુકવણી કરતાં પહેલા કર્મચારી પાસેથી નીચે મુજબનુ બાંહેધરી પત્ર ખાતા/કચેરીના વડાએ મેળવવાનુ રહેશે.

## "બાં હે ધ રી પ ત્ર"

આથી હું કબુલ કરુ છું કે વખતોવખત સુધારેલા નાં ા વિભાગના તા. ૫મી જુલાઈ. ના ઠરાવ ક્રમાંક. એઓપી.૧૦૮૧-૩-મ અન્વયેની ઉચ્ચતર પગાર ધોરણની યોજના પગા બાંધણી અન્વયે મને ચુકવવામાં આવેલ વધારાની રકમ સરકારમાં ચાલતી પધ્ધતિ પ્રમાણે રાબેતા મુજબ વસુલ કરવાની રહેશે.